વડોદરા મહાનગરપાલિકા
કમિશ્નરશ્રીની કચેરી,
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર અંક– ૨૦/૨૦–૨૧
તા. ૧૩–૧૦–૨૦૨૦

સા.વ.વિ.જા.નં.૩૫૭/તા.૧૩–૧૦–૨૦૨૦.

સમગ્ર દેશમાં COVID-19 ની અસરો ધ્યાને લેતા National Disaster Management Authority ના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા:૩૦–૦૯–૨૦૨૦ ના હુકમ ક્રમાંક– ૪૦–૩/૨૦૨૦– DM-I(A) થી કન્ટેનમેનટ ઝોનમાં તા:૩૧–૧૦–૨૦૨૦ સુધી Lock Down ની અવધિ લંબાવવામાં આવી છે. તથા કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃત્તિઓ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે. જે અન્વયે ગૃહ વિભાગના તા:૦૧–૧૦–૨૦ ના જાહેરનામા ક્રમાંક–જીજી/ ૬૫/ ૨૦૨૦ / વિ–૧ /કઅવ/૧૦૨૦૨૦ /૪૮૨ થી વિગતવાર સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

કેન્દ્રીય ગૃહમંત્રાલયના તા:૩૦–૦૯–૨૦૨૦ ના હુકમ અન્વયે સામાજિક, શૈક્ષણિક, રમતગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ તથા other congregations /large gatherings સંબંધમાં રાજય સરકારે પુખ્ત વિચારણા બાદ હુકમ અંક–વિ–૧/ અવ/૧૦૨૦૨૦/૪૮૨, ગૃહ વિભાગ , સચિવાલય, ગાંધીનગર ના તા:૦૯–૧૦–૨૦૨૦ થી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શીકા આ સાથે સામેલ છે. તે મુજબ ની કાર્યપધ્ધતિ તા:૧૬–૧૦–૨૦ થી ચૂસ્તપણે અમલ કરવાની રહેશે.

સદરની નકલ સંબંધકર્તાઓ તરફ મોકલી આપવી.

સહી/– સુધીર કે. પટેલ
ડે. મ્યુનિ.કમિશ્નર
મહાનગરપાલિકા
વડોદરા

નકલ રવાના: શ્રી ........................................................ તરફ,
જાણ તથા અમલ થવા સારૂ.

વહીવટી અધિકારી
મહાનગરપાલિકા
વડોદરા

# ગુજરાત સરકાર

ક્રમાંક : વિ–૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨
ગૃહ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર
તા. ૦૯/૧૦/૨૦૨૦.

## હુકમ:–

સમગ્ર દેશમાં COVID-19ની અસરો ધ્યાને લેતાં National Disaster Management Authorityના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૩૦.૦૯.૨૦૨૦ના હુકમ ક્રમાંક. 40-3/2020-DM-I(A) થી કન્ટેનમેન્ટ ઝોનમાં તા.૩૧.૧૦.૨૦૨૦ સુધી lock downની અવધિ લંબાવવામાં આવી છે તથા કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃતિઓ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે. જે અન્વયે ગૃહ વિભાગના તા.૦૧.૧૦.૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક : જીજી/૬૫/૨૦૨૦/વિ–૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨થી વિગતવાર સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

૨. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૩૦.૦૯.૨૦૨૦ના હુકમ અન્વયે સામાજિક, શૈક્ષણિક, રમતગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ તથા other congregations/large gathering સબંધમાં રાજય સરકારે માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવાની રહે છે.

જે અન્વયે પુખ્ત વિચારણા બાદ રાજય સરકારે તા.૧૬.૧૦.૨૦૨૦ થી અમલમાં આવે તે રીતે નીચે મુજબની કાર્યપધ્ધતિ અપનાવવાનું નક્કી કરેલ છે.

**૩. કન્ટેઇનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં સામાજીક, શૈક્ષણિક, રમત–ગમત, મનોરંજન, સાસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ તથા other congregation/large gatherings નું નીચેની શરતોને આધીન આયોજન કરી શકાશે.**

(૧) ૬ ફૂટની દૂરી સાથેનું Physical distancing અને તેના માટે Floor marking કરવાનું રહેશે.
(૨) સમગ્ર સમારંભ દરમિયાન ચહેરાને યોગ્ય રીતે તમામ સમયે ઢાંકી રાખવાનો રહેશે.
(૩) થર્મલ સ્કેનીંગ, ઓકિસમીટર( સેનેટાઇઝર સાથે) ની સગવડતા પૂરી પાડવાની રહેશે. સ્ટેજ, માઇક, સ્પીકર તેમજ ખુરશીઓને સમયાંતરે સેનેટાઇઝ કરવાના રહેશે.
(૪)હેન્ડ વોશ/ સેનેટાઇઝરની સુવિધાનો તમામે ફરજિયાત અમલ કરવાનો રહેશે.
(૫) સમારંભ દરમિયાન થૂંકવા તેમજ પાન–મસાલા, ગુટખાના સેવન પર સંપૂર્ણપણે પ્રતિબંધ રહેશે.
(૬) ૬૫થી વધુ વયના વયસ્ક નાગરિકો, ૧૦ વર્ષથી ઓછી ઉમરના બાળકો, સગર્ભા મહિલાઓ તેમજ અન્ય બિમારીઓથી પિડીત વ્યકિતઓ આ પ્રકારના સમારંભમાં ભાગ ન લે તે સલાહભર્યુ છે.
(૭) આરોગ્ય સેતુ એપનો ઉપયોગ થાય તે હિતાવહ રહેશે.
(૮) બેઠક વ્યવસ્થા ગોઠવતા સમયે ખુરશીની ચારેય બાજુ ૬ ફુટની દુરી જળવાઈ રહે તેની તકેદારી રાખવાની રહેશે.
(૯) આ પ્રકારના પ્રસંગમાં જો ચા–નાસ્તો, ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ હોય તો તે સમારંભ સ્થળે નહી, પરંતુ અલાયદા હોલ/સ્થળે રાખવાનું રહેશે. જ્યાં એક જ સમયે ૫૦ થી વધુ વ્યકિતઓ એકત્રિત ન થાય તથા બેઠક વ્યવસ્થા દરમિયાન વ્યકિત–વ્યકિત વચ્ચે ૬ ફૂટનું અંતર જળવાય તેની કાળજી રાખવાની રહેશે.
(૧૦) તમામ કાર્યક્રમો દરમ્યાન તબીબી સુવિધાઓ તુર્તજ ઉપલબ્ધ થાય તે માટે જરુરી પ્રબંધ કરવાનો રહેશે.

**૪. બંધ સ્થળો જેવા કે હોલ, હૉટેલ, બેન્કવેટ હોલ, રેસ્ટોરેન્ટ, ઓડીટોરીયમ, કમ્યુનીટી હોલ. ટાઉન હોલ, જ્ઞાતિની વાડી વિગેરે સ્થળે સામાજીક, શૈક્ષણિક, રમત–ગમત, મનોરંજન, સાસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ તથા other congregationsનું/large gathering આયોજન કરવામાં આવે ત્યારે નીચે મુજબની સૂચનાઓનું ઉપરોકત ૩માં દર્શાવેલ બાબતોનું પાલન કરવાનું રહેશે.**

(૧) સ્થળની ક્ષમતાના ૫૦%થી વધુ નહી, પરંતુ મહત્તમ ૨૦૦ વ્યક્તિની મર્યાદામાં જ સમારોહ/ પ્રસંગનું આયોજન કરી શકાશે.

(૨) લગ્ન/સત્કાર સમારંભ જેવી અન્ય ઉજવણીઓ બાબતમાં જગ્યાની ક્ષમતાના ૫૦% અથવા ૧૦૦ વ્યક્તિઓ બેમાંથી જે ઓછુ હોય તેટલી સંખ્યામાં.

(૩) કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા.૦૪.૦૬.૨૦૨૦ના હુકમ ક્રમાંક : Z28015 /19/2020-EMR(PT)થી ધાર્મિક સ્થળો, મોલ્સ, રેસ્ટોરેન્ટ, હોટેલ, આતિથ્ય એકમો સંદર્ભમાં બહાર પાડવામાં આવેલ SOPનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪) એરકન્ડીશનીંગ/વેન્ટીલેશન માટે સી.પી.ડબલ્યુ.ડી.ની માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

**૫. જયારે પાર્ટી પ્લોટ, ખુલ્લા મેદાનો, સોસાયટીના કોમન પ્લોટ કે અન્ય ખુલ્લા સ્થળોએ સામાજીક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન, સાસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક તથા other congregationનું આયોજન કરવામાં આવે ત્યારે નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.**

**(૧) સામાજિક કાર્યક્રમો:-**

- **લગ્ન/સત્કાર સમારંભ જેવી અન્ય ઉજવણીઓ બાબતમાં** જગ્યાની ક્ષમતાના ૫૦% અથવા ૧૦૦ વ્યક્તિઓ બેમાંથી જે ઓછુ હોય તેટલી સંખ્યામાં,
- **મૃત્યુ બાદની અંતિમ ક્રિયા/ધાર્મિક વિધિમાં** મહત્તમ ૧૦૦ વ્યકિતઓની મર્યાદા રહેશે.

**(૨) નવરાત્રિની ઉજવણી:-**

(૧) રાજ્યમાં જાહેર કે શેરી ગરબા સહિત કોઈપણ પ્રકારના ગરબા યોજી શકાશે નહી.

(૨) નવરાત્રિ દરમ્યાન સ્થાનિક વહીવટી તંત્રની પૂર્વ મંજૂરી મેળવીને જાહેરમાં ગરબી/મૂર્તિની સ્થાપના, પૂજા અને આરતી કરી શકાશે.

(૩) કાર્યક્રમમાં ફોટા અથવા મૂર્તિને ચરણસ્પર્શ કરી શકાશે નહીં તેમજ પ્રસાદ વિતરણ કરી શકાશે નહી. પૂજા અને આરતીના કાર્યક્રમમાં ઉપરોકત ૩માં દર્શાવેલ તમામ શરતોના પાલન સાથે મહત્તમ ૨૦૦ થી વધુ વ્યકિતઓ એકત્રિત થઇ શકશે નહી. આ કાર્યક્રમની અવધિ એક કલાકની જ રહેશે.

**(૩ ) તહેવારોની ઉજવણી/ધાર્મિક કાર્યક્રમો :-**

(૧) ગરબા, દૂર્ગા પૂજા,દશેરા, ઇદ-એ-મિલાદ ઉન્નબી, શરદ પૂર્ણિમા, દિવાળી, બેસતુ વર્ષ, ભાઇબીજ, નવા વર્ષની ઉજવણી જેવા તહેવારો તથા તેને સંબંધીત ધાર્મિક પૂજા ઘરમાં રહીને પરિવારના સભ્યો સાથે રહીને કરવી સલાહભર્યુ છે.

(૨) આગામી તહેવારોની જાહેરમાં ઉજવણી માટે સ્થાનિક વહીવટીતંત્રની પૂર્વમંજુરી આવશ્યક રહેશે.

(૩) ખુલ્લી જગ્યાઓએ પૂજા અને આરતી કરી શકાશે. પરંતુ, ફોટા અથવા મૂર્તિને ચરણસ્પર્શ કરી શકાશે નહીં. આવા કિસ્સામાં પારા-૩ ની તમામ શરતોના પાલન સાથે મહત્તમ ૨૦૦ થી વધુ વ્યકિતઓ એકત્રિત થઇ શકશે નહી. આ કાર્યક્રમની અવધિ એક કલાકની જ રહેશે.

(૪) પરંતુ મેળા, રેલી, પ્રદર્શનો, રાવણ દહન, રામલીલા, શોભાયાત્રા, ગરબા અને સ્નેહમિલન જેવા સામૂહિક કાર્યક્રમો જયાં મોટા પ્રમાણમાં લોકો એકત્રિત થવાની સંભાવના હોય તે પ્રતિબંધિત રહેશે.

(૫) ઉપરોકત કાર્યક્રમો દરમિયાન પ્રસાદ વિતરણ કરી શકાશે નહી.

**૬.** ઉપરોકત તમામ કાર્યક્રમો/ઉજવણી દરમિયાન કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા.૦૪.૦૬.૨૦૨૦ના હુકમ ક્રમાંક : Z28015 /19/2020-EMR(PT) તથા તેના અનુસંધાને ગૃહ વિભાગના તા.૦૭.૦૬.૨૦૨૦ના હુકમ ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨થી ધાર્મિક સ્થળો/ઉપાસના સ્થળો સંદર્ભમાં બહાર પાડવામાં આવેલ SOPનો તેમજ તહેવારોની ઉજવણી સંબંધમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા તા.૦૬.૧૦.૨૦૨૦ના રોજ બહાર પાડવામાં આવેલ SOPનો ચુસ્તપણે અમલ કરવાની તમામ જવાબદારી સંબંધિત આયોજક / સ્થળ સંચાલકની રહેશે.

(૧) આયોજકે સ્થળની સમાવેશ ક્ષમતા અંગે સ્થાનિક વહીવટીતંત્રને One time intimation આપવાનું રહેશે. આ સ્થળે વ્યકિત-વ્યકિત વચ્ચે ૬ ફૂટની દૂરી જળવાઇ રહે તે રીતે કેટલા વ્યકિતઓનો સમાવેશ થઇ શકશે તેની વિગતોની સ્થાનિક વહીવટી તંત્રને જાણ કરવાની રહેશે.

(૨) ઉક્ત સૂચનાઓ ચુસ્તપણે અમલ થાય તે માટે સંચાલક/આયોજકએ ઉચિત વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) કોઇપણ શરતોનો ભંગ થયેથી સંબંધિત સ્થળના સંચાલક, સોસાયટીના પ્રમુખ/હોદ્દેદારો તથા આયોજક સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે

**૭.** માર્ગદર્શિકાઓના ઉલ્લંઘન કરનાર વ્યકિત The Disaster Management Act, 2005 તેમજ The Indian Penal Code, 1860ની જોગવાઇઓ હેઠળ કાર્યવાહીને પાત્ર થશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.કે.નિરાલા)
અધિક સચિવ(કા.વ્ય.)
ગૃહ વિભાગ

પ્રતિ,

- પ.સ. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- રજીસ્ટ્રારશ્રી ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.(પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
- માહિતી નિયામકશ્રી – ગુજરાત રાજય, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
  ૨/– આ બાબતને બહોળી પ્રસિધ્ધિ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- મેનેજરશ્રી – સરકારી મુદ્રણાલય , સેકટર – ૩૦, ગાંધીનગર
  આ જાહેરનામાની સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધિ કરી તેની ૨૫ નકલો ગૃહ વિભાગ તથા આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગને મોકલી આપવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦.